કડવા પાટીદાર સમાજ દ્વારા સ્પોકન ઈંગ્લીશ કલાસ શરૂ કરાશે

ચેઈન સ્નેચર્સની માફક હવે પર્સ સ્નેચર્સ સક્રીય

એકટીવા લઈને ગ-રોડ પરથી જતી યુવતીનું પર્સ ચાલુ વાહને ઝુંટવીને પર્સ સ્નેચર રફુચક્કર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં તરખાટ મચાવનાર ચેઈન સ્નેચર્સ જેવી જ એમ.ઓ.થી હવે પર્સ સ્નેચર્સ સક્રીય થવા પામ્યા છે. ગઈ કાલે ગ-માર્ગ પર સે-પના ગેસ પંપ નજીકથી પસાર થતી એકટીવા ચાલક યુવતીને ટાર્ગેટ બનાવી એકટીવા પર આવેલો શખ્સ તેણીની નજીક ગયો અને ચાલુ વાહને એકટીવા આગળ મુકેલું પર્સ ઝુંટવીને ફરાર થઈ ગયો હતો. પીછો કરવા છતાં તે શખ્સ હાથમાં આવ્યો ન હતો. યુવતીની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સે-૪-એ પ્લોટ નં. ૧૩૭/૨ ખાતે રહેતી યુવતી મિત્તલબેન કૃષ્ણકાન્તભાઈ પટેલ ગઈ કાલે ગ-માર્ગ પરથી પોતાનું એકટીવા નં. જીજે ૧૮-સી એફ ૭૩૬૦ લઈને જઈ રહી હતી. સે-૫ સીએનજી ગેસ પંપ સામે પહોંચી ત્યારે પાછળથી એકટીવા પર ચેઈન સ્નેચરની જ એમ.ઓ.થી એક શખ્સ આવ્યો અને મિત્તલબેનના એકટીવા નજીક પોતાનું એકટીવા લઈ જઈને બે પગની વચ્ચે મુકેલુ પર્સ આંચકી તે શખ્સ ફરાર થઈ ગયો હતો. આ અજાણ્યા શખ્સનો પીછો પણ કરવામાં આવ્યો પરંતુ તે હાથ લાગ્યો ન હતો. મિત્તલબેનના પર્સમાં એક નાનુ ગુલાબી પર્સ હતું જેમાં રૂ. ૧૫૦૦ રોકડા, એક મોબાઈલ અને ડ્રાઈવીંગ લાયસન્સ, ચુંટણી કાર્ડ સહિતના ડોકયુમેન્ટસ અને એટીએમ કાર્ડ હતું. રૂ. ૨૭૦૦ની કિંમતના મુદ્દામાલ ભરલું પર્સ તથા જરૂરી કાગળની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયેલા અજાણ્યા શખ્સ સામે મિત્તલબેને ફરિયાદ આપતા સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને ગુનાની તપાસ શરુ કરી છે.



@ગાંધીનગર

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કડીકરના કંઠે આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન મનીષાબેન પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૬૭/૨, પંચદેવ એપાર્ટમેન્ટ, સે-૨- ડી ખાતે યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ સે-૪ના દર્શનાબેન ઉપાધ્યાયના કંઠે આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન નીતાબેન પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૮૩૩/૧, સે-૪-સી ખાતે યોજાશે.

● તાવરિયાજી ગ્રુપ દ્વારા સાંજે ૭ થી ૮.૩૦ કલાક દરમિયાન સે-૧૨, બલરામ મંદિર ખાતે લયબધ્ધ શ્વસન ક્રિયાથી સંપૂર્ણ સ્વાસ્થ્યની પ્રત્યક્ષ સમજ આપતો કાર્યક્રમ નિઃશુલ્ક પણ યોજાશે.

પાણીનો પ્રશ્ન નિવારવા જાગૃત નાગરિકોની સરકારને રજૂઆત

ગાંધીનગર, તા.૧૦

શહેર જાગૃત નાગરિક પરિષદ, વિવિધ વિષયોના તજજ્ઞોના દર મહિને પ્રવચનો યોજે છે. તેના ભાગરૂપે પાણીના પ્રશ્ને નિષ્ણાંત એવા ગૌરવ પંડિતને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેઓનો બે દાયકા જેટલો અમેરિકાનો અભ્યાસ અને અનુભવ તેમજ એક દાયકાથી તેમના કુટુંબીજનોથી દૂર રહીને, સેવાયજ્ઞ આરંભેલ, તેવા આ મહાનુભાવે પાણીના પ્રશ્ને કરેલા પ્રયાસો અને મેળવેલ અનુભવોની વિગતો-દૃષ્ટાંત સાથે સરકારને જાણકારી આપી હતી. તેવું તેમના ઉદબોધનમાં જણાવેલ, પરંતુ સત્તાધીશો દ્વારા તેની વિચારણા કરવામાં ન આવી હોય તેમ જણાય છે. પરિણામે રાજયમાં પાણીનો પ્રશ્ન ગંભીર બન્યો છે. આ સંજોગોમાં નિષ્ણાંતો દ્વારા સરકારને રજૂ કરવામાં આવતા અહેવાલો ઉપર ગંભીરપણે વિચારણા કરવા 'શહેર જાગૃત નાગરિક પરિષદ'એ સરકારને આગ્રહભરી વિનંતી કરી છે એમ પરિષદના મહામંત્રી નિરંજન ઓઝાએ જણાવ્યું છે.

સમાજના શિક્ષિત સભ્યો અભણ ગરીબ આદિવાસીબંધુઓને જાગૃત કરે : જી.આર. ચૌધરી

અખિલ ગુજરાત કોલેજ-યુનિવર્સિટી આદિવાસી અધ્યાપક મંડળનું ૧૧મું વાર્ષિક અધિવેશન યોજાયું : ૭૦ જેટલા અધ્યાપકો-પ્રાધ્યાપકોનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૧૦

'મુશ્કેલીઓ તો જીવનના દરેક ક્ષેત્રે હોય છે, જે નોકરિયાત છે તેમને પણ કોઈ મુશ્કેલી છે અને જે ધંધો-વ્યવસાય કરે છે તેને પણ કોઈને કોઈ મુશ્કેલી છે. હવે આદિવાસી સમાજે મુશ્કેલીઓનો સામનો કરી પોતાની મહેનતના બળે આગળ આવવાનું છે. સરકાર તેની યોજનાઓ દ્વારા તમામ રીતે મદદરૂપ થવા તૈયાર છે પરંતુ સમાજના જાગૃત તથા ભણેલા સભ્યોએ ગરીબ અને અભણ બંધુઓને આ યોજનાઓના લાભો પ્રત્યે જાગૃત કરવા જવાબદારી ઉઠાવવી પડશે.' અખિલ ગુજરાત કોલેજ અને યુનિવર્સિટી આદિવાસી અધ્યાપક મંડળના ૧૧માં વાર્ષિક અધિવેશનમાં ઉપસ્થિત આદિજાતિ વિકાસ વિભાગના કમિશનર જી.આર. ચૌધરીએ અધ્યક્ષસ્થાનેથી ઉપરોકત બાબતો જણાવી હતી.

સે-૨ ઉમાં કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં બ્રહ્માણી કૃપા હોલ ખાતે યોજાયેલ ગૂજરાત વિદ્યાપીઠ પ્રેરિત અખિલ ગુજરાત કોલેજ અને યુનિવર્સિટી આદિવાસી અધ્યાપક મડંળના ૧૧મા વાર્ષિક અધિવેશનમાં

આદિવાસી સમાજના ૭૦ જેટલા અધ્યાપકો-પ્રાધ્યાપકોને પીએચડી, નેટ, સેટ વગેરે સિધ્ધિઓ હાંસલ કરવા ઉપરાંત સંશોધન કરવા બદલ સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે જી.આર. ચૌધરી ઉપરાંત આદિજાતિ વિકાસ બોર્ડના મદદનીશ નિયામક સી.જી. રાબડિયા, નિવૃત્ત ડીઆઈજી બી.ડી. વાઘેલા, આચાર્ય મંડળના પ્રમુખ ડૉ. જયરાજસિંહ સરવૈયા, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ વનરાજભાઈ પારગી, બુહારી આર્ટસ-કોમર્સ કોલેજના પ્રાધ્યાપક ડૉ. જે.એન. ચૌધરી, અધ્યાપક મંડળના પ્રમુખ ચંદ્રકાન્ત કોકણી સહિત મંડળના હોદ્દેદારો અને રાજયભરમાંથી આદિવાસી સમાજના અધ્યાપકો-પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. આદિવાસી વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધરે, શાળાઓમાં ગુણવત્તા આધારિત શિક્ષણ પુરું પડાય તથા આદિવાસી સમાજનું એક પણ બાળક શિક્ષણથી વંચિત ના રહે અને ઉચ્ચ શિક્ષણ મેળવે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તે હેતુથી આ અધિવેશનમાં ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી.

સમારંભના દ્વિતિય સેશનમાં અધ્યાપકો-પ્રાધ્યાપકો દ્વારા સંશોધન પેપર્સ રજૂ કરાયા હતા. આ ઉપરાંત મંડળની નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. વળી કારોબારીમાં ચંદ્રકાન્ત કોકણીને પ્રમુખપદે, ભરતભાઈ ગામિતની મહામંત્રી પદે તથા વિક્રમભાઈ ચૌધરીની ખજાનચી પદે વરણી કરાઈ હતી. આ ઉપરાંત ઉપપ્રમુખ પદે બંકિમભાઈ વસૈયા અને સુરેશભાઈ ગામિત, સહમંત્રી પદે સુમનભાઈ રાવત તથા સંગઠનમંત્રી પદે ડૉ. દેવચંદ વહોનિયા, આંતરિક ઓડિટરપદે સુરેન્દ્રભાઈ પટેલ સહિત ૨૧ અન્ય કારોબારી સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી.

બાળકોના સર્વાંગી વિકાસ માટે કલરવ દ્વારા બાલોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

વેકેશનની સિઝન નજીકમાં છે. વર્ષ દરમિયાન સતત અભ્યાસ વૃત્તિ પ્રવૃત્તિમાં જોડાયેલા વિદ્યાર્થીઓ રજાના દિવસોમાં હળવા ફુલ જોવા મળે છે ત્યારે અભ્યાસની પ્રવૃત્તિથી દૂર હટીને બાળકોમાં રહેલી આંતરિક શકિતઓને નિખારવા કલરવ સંસ્થા દ્વારા પ્રતિ વર્ષ બાલોત્સવની અનોખી તાલીમ શિબિર યોજવામાં આવે છે. બાળકોની રંગમંચ કલાન વેગ મળે અને સ્ટેજ ફીયર દૂર થાય તેવા ઉમદા આશય સાથે સંસ્થા દ્વારા આ વર્ષે પણ બાલોત્સવનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે.

બાળકોને આનંદ આપતી પ્રવૃત્તિને સમર્પિત કલરવ સંસ્થા દ્વારા ઉનાળાની રજાઓમાં તા. ૨૬ એપ્રિલથી ૮મે સુધી સવારના ૮.૦૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન બાલોત્સવ તાલીમ શિબિરનું આયોજન કરાયું છે. જેમાં ૭ થી ૧૪ વર્ષની વય ધરાવતા બાળકો લાભ લઈ શકશે. આ સંસ્થાની વાર્ષિક સભ્ય ફી રૂ. ૫૦ તેમજ બાલોત્સવ શિબિર ફી રૂ. ૨૦૦ રહેશે. પ્રવેશ પત્ર વેબસાઈટ www.kalravgandhinagar.org મારફ્તે ભરવાનું રહેશે. સંપૂર્ણ વિગતો ભરેલ ફોર્મમાં સબમીટ બટન કલીક કરવાથી અરજદારના મોબાઈલમાં રજીસ્ટ્રેશન નંબર એસએમએસ મારફ્તે મળશે. આ રજીસ્ટ્રેશન નંબર સાથે સવારે ૯ થી ૧૧ અને સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન સેકટર-૨૨ ફિઝિયોથેરાપી સેન્ટર ખાતે ફી ભરવાની રહેશે. ફી તા. ૨૩મી એપ્રિલના રોજ સાંજે ૭.૩૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુકોએ ઓનલાઈન અરજી કરવા સંસ્થાના પ્રમુખ કમલ જૈન એ જણાવ્યું છે.

કડવા પાટીદાર સમાજ દ્વારા સ્પોકન ઈંગ્લીશ કલાસ શરૂ કરાશે

ગાંધીનગર, તા.૧૦

કડવા પાટીદાર સમાજ દ્વારા આગામી મે-જૂન માસમાં સ્પોકન ઈંગ્લીશ કલાસ શરૂ કરવા આયોજન કરાયું છે. સે-૧૨ ઉમિયા માતાજી હોલ ખાતે સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે અંગ્રેજીનું માર્ગદર્શન આપવા માટે સમાજ દ્વારા વર્ગો શરૂ કરાશે. આ અંગ્રેજી સ્પોકન ઈંગ્લીશ કલાસમાં જોડાવા સમાજના વિદ્યાર્થીઓ માટે તા. ૧૨મી એપ્રિલના રોજ રજીસ્ટ્રેશન કાર્યાલય ખાતે શરૂ કરવામાં આવશે. જેની નોંધ લઈ વહેલી તકે સમાજના વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવવા જણાવાયું છે. આ ઉપરાંત દરેજ સમાજ માટે સગાઈ, લગ્ન, શ્રીમંત, બર્થ-ડે, શૈક્ષણિક પ્રવાસ વગેરે માટે એસી તથા નોન એસી હોલ એડવાન્સ બુકીંગથી કરવામાં આવશે. જેનો લાભ લેવા ગાંધીનગરના તમામ સમાજોને પ્રમુખ ભરતભાઈ પટેલે જણાવ્યુ છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

આરોગ્ય સેવા - જાણીતા સમાજ સેવક શ્રી અનીલભાઈ જોષી છેલ્લા ઘણા વર્ષોથી ચૈત્ર મહિનાના ૧૫ દિવસ લીમડાના મ્હોરનો રસ જાતે કાઢીને જાહેર વિતરણ કરી નાગરિકોને આરોગ્ય સેવા પુરી પાડવાનું પ્રસંશનીય ઉદાહરણ પુરું પાડ્યું છે...

વાતવાતમાં

● ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીઓમાં ટિકિટોની ફાળવણી થઈ જતા હવે નગરના ચોરે અને ચૌટે આ વિષય ચર્ચાનો મુદ્દો બન્યો છે. ટિકિટ ફાળવણીમાં અસંતોષના કારણે ચુંટણી બજારમાં હાલ તો ઉત્તેજનાનો માહોલ વર્તાઈ રહ્યો છે.

● છેલ્લા કેટલાય સમયથી શહેરમાં સ્ટ્રીટલાઈટો બાબતે ઘણી ફરિયાદો ઉઠવા પામી રહી છે. જો કે તંત્ર દ્વારા સ્ટ્રીટલાઈટોના મરામત કામકાજને હાથ ધરાયું છે અને આ અંતર્ગત પથિકાશ્રમથી ઘ-૪ તરફના ઘ માર્ગ પર કાર્ય જોશભેર ચાલી રહ્યું છે.

● ચુંટણીમાં જે ઉમેદવારોને ટિકિટ ફાળવવામાં આવી છે તેમણે પહેલું કાર્ય જે કાર્યકર્તાને ટિકિટ નથી મળી તેને મનાવી પોતાને સાથ આપવા વિનવવાનું કાર્ય હાથ ધર્યું છે. નારાજ કાર્યકર્તાઓનું જુથ પોતાના મતો પણ ના બગાડે તે હેતુથી તેમને 'સાચવી' લેવાનું ઉમેદવારોને મુનાસીબ લાગી રહ્યુ છે.

● શહેરમાં વેકેશનનો પ્રારંભ થઈ જતા જેમની પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે તેવા યુવા વિદ્યાર્થીઓ મિત્રો સાથે પાર્ટી કરી ઉજવણી કરી રહ્યા છે. આ પાર્ટી માટે કોલેજીયનોની સૌ પ્રથમ પસંદગી 'એનલિમિટેડ' ઓફર આપતા પીત્ઝા પાર્લરો પર ઢોળાઈ છે જેના કારણે શહેરના પીત્ઝા રેસ્ટોરન્ટ પર ભીડ જોવા મળી રહી છે.

અમદાવાદના જગન્નાથજી મંદિર ખાતે અખંડ રામાયણ પાઠ યોજાશે

અમદાવાદ સ્થિત શ્રી જગન્નાથજી મંદિર ખાતે રામનવમી મહોત્સવ નિમિત્તે આગામી તા. ૧૫મી એપ્રિલને શુક્રવારના રોજ સવારે ૮.૦૦ થી ૯.૦૦ કલાક દરમિયાન અખંડ રામાયણ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન સુંદરકાંડ પાઠ અને બપોરે ૧૨.૦૦ કલાકે રામ જન્મોત્સવ અને મહાઆરતી પણ યોજાશે. શ્રીરામ જન્મોત્સવ અને મહાઆરતીના મુખ્ય અતિથિ પદે આરોગ્ય મંત્રી નિતિનભાઈ પટેલ અને અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટના ચેરમેન સુરેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ ધાર્મિક પ્રસંગે સર્વે ભાવિક ભકતોને લાભ લેવા મહામંડલેશ્વર મહંત દિલીપદાસજી ગુરૂશ્રી રામેશ્વરદાસજીએ જણાવ્યું છે.

હેલ્મેટ : 'સર સલામત તો પઘડીયાં બહુત'

ગાંધીનગર, તા.૧૦

વર્ષો પહેલા દૂરદર્શન પર એક જાહેરાત આવતી હતી જેમાં પહેલા એક નાળિયેર દેખાડાતું જેની પર લોખંડનો મોટો હથોડો જેને સાદી ભાષામાં 'ઘણ' કહેવાય છે તો મારવામાં આવતા



નાળિયેરના ફુરચેફુરચા ઉડી જાય છે તે દર્શાવાતું હતું. પછીના દૃશ્યમાં બીજા એક નાળિયેર પર હેલ્મેટ મુકી દેવાતી અને તેની પર ઘણનો ઘા કરાતો આમ છતાં તે સુરક્ષિત રહેતું હતું. ખૂબ જ સરળ પરંતુ અસરકારક રીતે આ જાહેરાત દ્વારા હેલ્મેટનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. જે જોનારના ગળે શીરાની જેમ ઉતરી જતું.

સરકારી તંત્ર દ્વારા અવારનવાર આવા અનેક પગલાઓ દ્વારા અને વિવિધ અસરકારક જાહેરાતો થકી વાહનચાલકોને માત્ર હેલ્મેટ જ નહીં પરંતુ ટ્રાફિકના અન્ય નિયમોનું પાલન કરવા સમજાવવા પ્રયત્નો કરાયા છે. માત્ર સરકારી રાહે જ નહી પરંતુ શાળાકીય કક્ષાએ તથા સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ આ અંગે અનેક સઘન પ્રયત્નો કરવામાં આવે છે પરંતુ હકીકતના આંગણે હજુ પણ પરિસ્થિતિ ઘણી વિષમ છે. વિશ્વમાં અકસ્માતનો ભોગ બની મોતને ભેટનાર કમભાગીઓની સંખ્યા ભારતમાં સૌથી વધારે છે એ પ્રકારના અહેવાલો છાશવારે અખબારોમાં ચમકતા રહે છે. રોજીંદા જીવનમાં સ્નેહીજનો સાથેની ચર્ચામાં કે અકસ્માતનો ભોગ બનેલાના બેસણામાં 'આપણે ત્યાં કોઈ નિયમોનું પાલન કરતું નથી' તેવા બળાપા સૌ કોઈ કાઢતું રહે છે, જો કે આ બળાપા કાઢનાર પોતે હેલ્મેટ વગર પોતાના બાઈક પર ત્રણ સવારી ચલાવીને પોતાની હાજરી નોંધાવવા આવ્યા હોય છે તે સિફતપૂર્વક ભૂલી જાય છે.

ટ્રાફિક પોલીસની વિગતો તપાસો તો ખબર પડે કે બાઈક સ્કૂટર કે અન્ય ટુ-વ્હીલર સાથેના અકસ્માતમાં સૌથી વધુ મૃત્યુને

ભેટનાર એવા વાહનચાલકો હોય છે જેઓએ હેલ્મેટ પહેરવાનું ટાળ્યું હોય છે. આપણે ત્યાં હેલ્મેટ એ પોતાનો જીવ બચાવવા માટે નહી પરંતુ પોલીસના દંડથી કે સીસીટીવી કેમેરાના ઈ ચલણથી બચવા માટે વપરાય છે. અગાઉ જયારે હેલ્મેટના કાયદાનું ફરજિયાત પણે અમલીકરણ કરવાનું થયું ત્યારે અનેક સંગઠનોએ તેના વિરૂધ્ધમાં કોર્ટ સુધી લડત ચલાવી હતી. આ લડતમાં પશ્ચિમના દેશોના વાતાવરણની સામે ભારતીય આબોહવા હેલ્મેટ પહેરવા માટે યોગ્ય નથી તેવા કારણો પણ રજૂ કરાયા હતા. જો કે આપણી આબોહવા મુજબ હેલ્મેટની ડિઝાઈનમાં ફેરફાર કરવાને બદલે હેલ્મેટનો કાયદો ફેરબદલ થાય તેવો આગ્રહ રખાયો હતો. આદાલતે જો કે શીખ સમુદાયને તેમની પરંપરાગત ઓળખ સમી 'પાઘડી'ના કારણે આ બાબતે છૂટછાટ આપવામાં આવી હતી જેને પણ કોઈ પણ ગંભીર મુદ્દાને મજાકે ચડાવી દેવામાં માહેર સોશિયલ મિડીયા પર મજાકનું સાધન પણ બનાવાયું હતું.

ભારતીય પૌરાણિક સંસ્કૃતિ મુજબ આપણા પહેરવેશમાં 'પાઘડી'એ ખૂબ જ અગત્યનું અને ઓળખસૂચક અનિવાર્ય વસ્ત્ર ઘણાતું હતું. પ્રાચીનસમયમાં પાઘડી એ 'સર' એટલે કે 'સિર'ની રક્ષા ઉપરાંત સન્માનનું પ્રતિક પણ ગણાતી હતી. અજાણ્યા જોખમો સામે રક્ષણ આપતી વિવિધ પાઘડી શું એક પ્રકારનું હેલ્મેટ નહોતી? આજના અર્વાચીન માતા-પિતા બાળકને ઉંમર પહેલા બાઈકનું સ્ટીઅરીંગ થમાવી દેવા ઉતાવળા તો બને છે પરંતુ એટલી જ તકેદારી તેને ચલાવતા શું શું ધ્યાનમાં લેવું તે શીખવાડવાની તસ્દી લેવામાં આળસ દાખવે છે. હવે તો યુવાઓને પસંદ આવે તેવા ડિઝાઈનર હેલ્મેટ પણ બજારમાં ઉપલબ્ધ છે. કાયદાનું પાલન નૈતિક રીતે ના થાય ત્યારે વહીવટી તંત્રએ 'બળ'નો સહારો લેવો પડે તે ન્યાયે પોલીસે હેલ્મેટના કાયદાનું પાલન કરાવવા કમર કસી છે. જો કે પોલીસ દાદાની કામગીરી હંમેશા શંકાના ઘેરામાં રહેતી આવી છે. તેમને પણ ઉપરના 'સાહેબો' એ આપેલા ટાર્ગેટ પૂરા કરવા પૂરતી કામગીરી કરી સંતોષ માની લેવો છે, તેમને તો તેમના 'સર' સલામત એટલે તેમની પાઘડી સલામત.

હેલ્મેટ પહેરવાની આળસમાં અનેક પરિવારોના કુળદિપક બુઝાયા છે તો કેટલાક પરિવારો નંદવાયા છે. પોલીસની બીકે તો બીકે પણ ધીમે ધીમે હવે વાહનચાલકો હેલ્મેટને અપનાવતા થયા છે તે આવકારદાયક બાબત છે. પરંતુ હજુ પણ ઘણા વાહનચાલકો દૂરથી પોલીસ જોઈને હેલ્મેટ પહેરી લેતા અને 'ચેક પોસ્ટ' વટાવી ઉતારી દેતા પણ જોવા મળે છે. ઘણા સ્માર્ટ ટુ-વ્હીલર ચાલકો તો સીસીટીવી કેમેરાની નજરથી બચવા નવા નવા 'શોર્ટકટ' રસ્તા શોધી તેનો ઉપયોગ કરી લે છે પરંતુ કયારેક આ શોર્ટ કટ સીધો ઉપર લઈ જશે તે સમજી નથી શકતા અને એટલા માટે જ તો કહેવાત એકદમ યથાર્થ છે ને કે 'સર સલામત તો પાઘડીયાં બહુત'.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

ગુજરી ગયેલા બાની ખોટી સહીઓ કરી કુટુંબીઓએ જમીન વેચી મારી

ગાંધીનગર, તા.૧૦

ઝુંડાલ ગામમાં જમીન ધરાવતા એક બાનું મૃત્યુ થઈ ગયું અને આ મૃત્યુ પામેલા બાના કુટુંબીજનોએ મળીને તેમની ખોટી સહીઓ કરીને જમીનનો ખોટો બાનાખત કરાર કરી જમીન વેચી મારી કૌભાંડ આચર્યું હોવાનું બહાર આવ્યું છે. જમીન ખરીદનાર પાર્ટીને આ બાબત ધ્યાને આવતા ત્રણ શખ્સો સામે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી, ૧૪૪ મુજબ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ શરુ કરી છે.

મુળ ઉનાવા ગામના અને હાલ અમદાવાદ મોટેરા વિસ્તારમાં રહેતા ડાહ્યાભાઈ મરઘાભાઈ પટેલે ઝુંડાલ ગામના સર્વે નં. ૩૪૫/૨ વાળી જમીન વર્ષો પહેલા ખરીદી હતી. આ ડાહ્યાભાઈએ સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે ૨૩ એપ્રિલ ૧૯૯૯ તથા નવેમ્બર ૨૦૦૫માં ગાંધીનગર કોર્ટ તથા સબરજીસ્ટ્રાર કચેરી ખાતે તેમની સાથે બનાવટ કરવામાં આવી હતી. ઝુંડાલના હીરાભાઈ ડાહ્યાભાઈ પટેલે તેમની મરણ ગયેલી કુટુંબી બા હીરાબેન ભગાભાઈ મણીભાઈ પટેલની ખોટી સહીઓ કરી રૂ. ૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર ઝુંડાલની તે જમીનનો ખોટો બાનાખત કરાર ઉભો કર્યો હતો. આ બાનાખતમાં ઝુંડાલના ઈશ્વર મરઘા પટેલ અને કેશવ પ્રભુદાસ પટેલે સાક્ષી તરીકે સહીઓ કરી ખોટો બાનાખત કરાર કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરીને જમીન ખરીદનાર ડાહ્યાભાઈ પટેલનો હક્ક ડુબાડવા કોર્ટમાં રજુ કર્યો હતો અને ગુનો આચરીને મદદગારી કરી હતી. આ ફરિયાદને આધારે સે-૬ પોલીસે ઝુંડાલના હીરા ડાહ્યા પટેલ, ઈશ્વર મરઘા પટેલ અને કેશવ પ્રભુદાસ પટેલ ત્રણેય સામે ગુનો દાખલ કરી ઊંડી તપાસ આરંભી છે.

ચિરવિદાય

- સ્વ. રમીલાબેન જયંતિજી ઝાલા, ઉ.વ. ૪૦
- સ્વ. મંજુલાબેન કાન્તીલાલ શાહ, ઉ.વ. ૭૨